PG DISSERTATION (SANSKRIT)

# **"પ્રાચીન શાણપણ અને આધુનિક બાળપણ: સર્વગ્રાહી બાળ વિકાસમાં ચાણક્ય નીતિની ભૂમિકા"**

**સંશોધક: જીજ્ઞા મહેન્દ્રકુમાર ભાવસાર**

**માર્ગદર્શક: ડૉ. ભૈરવી દીક્ષિત**

વિભાગ: PG અને P.G. ડિપ્લોમા અભ્યાસક્રમ (શિક્ષણ કેન્દ્ર),

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

વર્ષ: 2023 –2024

**સારાંશ**

આ સંશોધનપ્રબંધ "પ્રાચીન શાણપણ અને આધુનિક બાળપણ: સર્વગ્રાહી બાળ વિકાસમાં ચાણક્ય નીતિની ભૂમિકા" વિષય અંતર્ગત સંસ્કૃત સાહિત્યના ચિરંજીવી નીતિગ્રંથ *ચાણક્ય નીતિ* અને તેના સુવિખ્યાત રચયિતા આચાર્ય ચાણક્યના વિચારતત્ત્વોનો આધુનિક બાળ વિકાસના સંદર્ભમાં તત્ત્વચિંતનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. આચાર્ય ચાણક્યના વિચારો માત્ર રાજકીય કૌશલ્ય સુધી મર્યાદિત ન રહીને જીવનના વિવિધ ક્ષેત્રો ખાસ કરીને શિક્ષણ અને નૈતિક ઘડતરમાં પણ માર્ગદર્શક બની રહે છે.

અભ્યાસમાં વિશિષ્ટ શ્લોકોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જે બાળકના નૈતિક, બુદ્ધિગમ્ય, શારિરિક અને ભાવનાત્મક વિકાસ માટે ઉપયોગી બની શકે છે. આવા શ્લોકો બાળકના વ્યક્તિત્વ ઘડતરમાં સંસ્કાર, આત્મવિશ્વાસ, કર્તવ્યનિષ્ઠા અને શિસ્તના સિદ્ધાંતોનું રોપણ કરે છે. માતા-પિતા, શિક્ષકો અને સમાજના નીતિનિર્ધારકો માટે આવા સૂત્રો જીવનમૂલ્ય આધારિત અભિગમને સ્થિર કરવા માટે મહત્વપૂર્ણ બની શકે છે.

અંતે, આ અભ્યાસ ચાણક્ય નીતિ અને આધુનિક શિક્ષણવિજ્ઞાન વચ્ચે તત્ત્વમય સંવાદ સ્થાપિત કરીને એવા દૃષ્ટિકોણને પ્રસ્તુત કરે છે, જે ભાવિ પેઢીને નૈતિકતા, આત્મવિશ્વાસ અને સમાજપ્રતિ જવાબદારીના ત્રિકોણ પર આધારિત ચરિત્ર ઘડતરમાં સશક્ત બનાવી શકે. આ રીતે, આચાર્ય ચાણક્યની નીતિદ્રષ્ટિ આજના શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં એક જીવંત અને સમયસંદર્ભસૂચક માર્ગદર્શન રૂપે પ્રસ્ફુટિત થાય છે, જે શિક્ષણને માત્ર જ્ઞાનપ્રદાનની પ્રક્રિયા નહીં, પણ સંસ્કાર તથા જીવનમૂલ્ય આધારિત ઘડતરની દિશામાં આગળ વધારવા માટે પ્રેરણા આપે છે.